**કેશોદના મ્હે. એડીશનલ ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કેશોદ**

**<u>ફોજદારી કેસ નં.૨૮/૨૦૨૬</u>**

**આંક–**

શ્રી સ ર કા ર . . . **<u>ફરિયાદી</u>**

**<u>વિરૂધ્ધ</u>**

ભનુભાઈ કાનાભાઈ મકવાણા **<u>આરોપી</u>**

**<u>ગુનો</u> :– <u>ગુજરાત પ્રોહિબીશન એકટની કલમ ૬૬(૧)(બી) મુજબ...</u>**

**– : : ચુ કા દો : : –**

(૧) ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપી દારૂ પીધેલી હાલતમાં મળી આવેલ હોય આરોપીએ ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ ૬૬ (૧)(બી), મુજબ શિક્ષાપાત્ર ગુનો આચરેલો છે જેથી આરોપી વિરૂધ્ધ ફરીયાદ આપેલી છે. આ ફરીયાદ  સંદર્ભે પોલીસ સત્તાવાળાઓ તરફથી ગુનાની તપાસના અંતે આરોપી વિરૂધ્ધ ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ ૬૬ (૧) (બી) મુજબ શિક્ષાપાત્ર ગુનાનું ચાર્જશીટ રજુ થયેલ છે.

(૨) હાલની ફરિયાદના કામે આરોપીએ હાજર થઈ, ગુનો કબુલ કરવાની લેખિત પુરશીસ આપતા તથા આરોપીની આ ગુના સંદર્ભે પ્લી નોંધતાં આરોપીને આ ગુનો કબુલ હોવાનું આરોપી જણાવે છે. આરોપીની ગુનાની કબુલાત સંદર્ભેની પુરસીસ વંચાણે લેતાં આરોપી તરફે એવી રજુઆત છે કે,  તે અભણ માણસ છે અને તે કાયદાથી અજ્ઞાન છે અને ભવિષ્યમાં આવા કોઈ ગુનામાં સંડોવણી નહી થાય તેની તે પુરતી તકેદારી રાખશે અને તે ગરીબ માણસ છે અને તે તેમના કુટુંબના એકમાત્ર કમાનાર વ્યકિત છે અને તે તેમના કુટુંબનું ભરણપોષણ માંડ માંડ કરી શકે છે અને તે માટે કામ ધંધા અર્થે જવાનું હોય, આર્થિક ઉપાર્જનના ભોગે આરોપીને કોર્ટ કાર્યવાહીમાં નિયમિત હાજરી આપવામાં ઘણી અગવડો ઉભી થાય તેમ હોય તે આ ગુનાની કબુલાત કરવા માં ગે છે અને આરોપીને થતી સજાની અસર તેના સમગ્ર કુંટુંબ ઉપર પડે તેમ હોય ઓછામાં

ઓછી સજા ફરમાવવા અરજ કરેલ છે.

(૩) આરોપીની કબુલાત પુરસીસ વંચાણે લેતાં આરોપી સ્વૈચ્છીક રીતે હાલનો ગુનો કબુલ કરવા માંગે છે, અને તેમનો જવાબ ધ્યાને લેતાં, તેમાં પણ આરોપી સ્વૈચ્છીક રીતે ગુનો કબુલ કરેલાનું જણાઈ આવતું હોય, રેકર્ડ, અને આરોપીની કબુલાત પુરસીશમાં જણાવેલ કારણો ધ્યાને લેતાં તથા આરોપીએ આચરેલ ગુનાનો પ્રકાર ધ્યાને લેતાં તથા આરોપીની કૌટુંબીક પરિસ્થિતિ અને સામાજિક સંજોગો અને તે સાથે આ કેસના સંજોગો ધ્યાને લેતાં, આરોપીને કાયદામાં ફરમાવેલ સજા કરતાં ઓછી સજા કરવા માટે વાજબી સં જોગો રહેલા છે તેવુ માનતા, નામદાર ગુજરાત ઉચ્ચ અદાલત ધ્વારા ૨૦૦૫(૧) જી. એલ. આર. ૭૦૯ ઉપર પ્રસિધ્ધ થયેલ ''ગુજરાત રાજ્ય વિ. નટવરચંદ હરચંદ ઠાકોર''ના કેસમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો ધ્યાને લઈ, નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**– : : <u>આ ખ રી</u> <u>હુ ક મ</u> : : –**

આ કામના આરોપીને ગુજરાત પ્રોહિબીશન એકટની કલમ ૬૬ (૧) (બી) મુજબ શિક્ષાપાત્ર ગુનામાં તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા અને રૂા.૧૦૦/– (અંકે રૂપીયા એકસો પુરા)ના દંડની સજા કરી ફરમાવવામાં આવે છે અને જો આરોપી દંડની રકમ ન ભરે તો દિન – ૨ (બે)ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ તારીખ : ૧૧ મી, માહે : જુલાઇ, સને. ૨૦૨૬ ના રોજ મારી સહી કરી, સ્પેશીયલ મેજીસ્ટ્રેટીયલ સીટીંગમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

કેશોદ.
તારીખ : ૧૧–૦૭–૨૦૨૬

(વાલજીભાઈ શાંમજીભાઈ પટેલ)
એડીશ્નલ ચીફ જયુડિશ્યલ મેજિસ્ટ્રેટ,
કેશોદ.
(gj01484)